### નર્મદા જિલ્લા પોલીસ અધિક્ષક પ્રશાંત સુંબેની અધ્યક્ષતામાં લોન ધિરાણ માર્ગદર્શન કેમ્પ યોજાયો

# “ડોક્યુમેન્ટેશન” અને “લોન” પ્રક્રિયા સરળ બને તેવી બેંકો વ્યવસ્થા ગોઠવે : ડો. દર્શનાબેન દેશમુખ

## નાણાંકિય જરૂરિયાત સંતોષવા બેંકો અને સરકારની યોજનાઓનો લાભ લેવા અનુરોધ



રાજપીપલા,તા.૬

નર્મદા જિલ્લા પોલીસ અધિક્ષક પ્રશાંત સુંબેની અધ્યક્ષતા અને નાંદોદના ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખની ઉપસ્થિતિમાં જિલ્લા પોલીસતંત્ર દ્વારા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, રાષ્ટ્રીયકૃત તથા સહકારી બેંકોના સંયુક્ત ઉપક્રમે શ્રી છોટુભાઈ પુરાણી હાઈસ્કુલ, રાજપીપલાના સભાખંડમાં લોન-ધિરાણ અંગે માર્ગદર્શન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૪૦૦ થી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા.નર્મદા જિલ્લા પોલીસ અધિક્ષક પ્રશાંત સુંબેએ કેમ્પમાં ઉપસ્થિત નાગરિકોને પોતાની નાણાકીય જરૂરિયાત સંતોષવા માટે બેંકો તેમજ રાજ્ય સરકારની અનેકવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ લઈને વ્યાજખોરોના માનસિક ત્રાસથી મુક્ત થવા અંગે સમજણ પુરી પાડી હતી.આ પ્રસંગે ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખે પણ પ્રશાંત સુંબેના મંતવ્યોને અનુમોદિત કરીને નાગરિકોને સરકાર દ્વારા અમલી અનેકવિધ યોજનાઓ તેમજ અધિકૃત બેંકો પાસેથી નાણાં મેળવવા અનુરોધ કર્યો હતો. વધુમાં ડો. દેશમુખે જણાવ્યું કે, વ્યાજની ચૂકવણી એક કેન્સર જેવો રોગ છે, તે કદી પણ સમાપ્ત થતી નથી.તદ્ઉપરાંત ધારાસભ્યશ્રીએ બેંકોને “ડોક્યુમેન્ટેશન” પ્રક્રિયાને સરળ બનાવી જરૂરિયાત મંદ લોકોને વહેલી તકે લોન ઉપલબ્ધ કરાવી નાગરિકોની જરૂરિયાતોને પરિપૂર્ણ કરવા અનુરોધ કર્યો હતો.નર્મદા જિલ્લાની જનતાને માત્ર વ્યાજખોરોની ચુંગલમાંથી જ બહાર કાઢવા નહીં, પરંતુ તેમની પોતાની નાણાકીય જરૂરિયાત કેવી રીતે સંતોષાય તેનાથી માહિતગાર કરવાના ઉમદા આશય સાથે યોજાયેલા માર્ગદર્શન કેમ્પમાં પ્રજાજનોને બેંકો મારફતે મળનાર યોગ્ય લોન અંગે વિસ્તૃત સમજણ પુરી પાડવામાં આવી હતી.તેમજ આ કેમ્પમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સહિત વિવિધ બેંકો દ્વારા સ્ટોલ ઉભા કરી લોકોને મળવા પાત્ર સહાય, લોન તેમજ સબસિડી અંગે લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. આ વેળાએ ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જે.કે.જાદવ, લીડ બેંક મેનેજર આર.કે.સીંગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના પ્રતિનિધિ એન. સી.ગાવીત, નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક સર્વ વાણી દૂધાત, પી. આર.પટેલ, જી.એ.સરવૈયા, મયુરસિંહ રાજપુત, સબંધિત વિભાગના અધિકારી-કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં લોકોની ઉત્સાહભેર ભાગીદારી નજરે પડી હતી.

### વરવાડાના ડે. સરપંચ અને પૂર્વ સરપંચ વિરૂદ્ધ

# એટ્રોસીટીની ખોટી ફરિયાદ આપનાર સામે ગુનો નોંધાયો

## ડે. સરપંચ અને પૂર્વ સરપંચ વિરૂદ્ધ એટ્રોસીટીની ખોટી ફરિયાદ દાખલ કરવા કાવતરું રચાયું હતું

રાજપીપલા,તા.૬

તિલકવાડા વરવાડાના ડે.સરપંચ બરકતુલ્લા કીરીટસિંહ રાઠોડ તેમજ માજી સરપંચ રાજેશભાઈ ભુરાભાઈ તડવી વિરૂદ્ધ (૧)અંબુભાઈ નરસિંહભાઈ વણકર (૨) ગોપાલસિંહ માનસિંહ ચાવડા (૩) લાલજીભાઈ દેસાઈભાઈ રબારી (૪) અરવિંદભાઈ ભુલાભાઈ તડવીએ જાનથી મારી નાખવાની તથા એટ્રોસીટીની ફરિયાદ તિલકવાડા પોલીસ મથકમાં નોંધાવી હતી.જો કે તિલકવાડાના પીએસઆઈ એ આ મામલે તપાસ હાથ ધરતા ફરિયાદ ખોટી હોવાનું પુરવાર થતા ફરિયાદ કરનાર એ તમામ વ્યક્તિઓ વિરૂદ્ધ તિલકવાડા પોલીસ મથકમાં ફરિયાદ દાખલ થતા ચકચાર મચી છે.આ ફરિયાદ નોંધાવ્યા બાદ તિલકવાડા વરવાડાના ડે.સરપંચ બરકતુલ્લા કીરીટસિંહ રાઠોડે આ ફરિયાદ ખોટી હોવા બાબતની તિલકવાડા પોલીસ મથકમાં અરજી કરી હતી.એ અરજીના અનુસંધાને તિલકવાડા પીએસઆઈ એ.જી.ખોથે સમય અને સ્થળની તપાસ કરતા ડે.સરપંચ બરકતુલ્લા કીરીટસિંહ રાઠોડ વડોદરા હોવાનું માલુમ પડ્યું હતું.પોલીસે વડોદરા કમાંડ કંટ્રોલ માંથી ડે.સરપંચની ગાડીના સી.સી.ટી.વી ફૂટેજ અને મોબાઈલ ટ્રેસ કરી માહિતી મેળવતા ફરિયાદ ખોટી હોવાનું સામે આવ્યું હતું.આ ફરિયાદ આપનાર પૈકી એક વ્યક્તિને પીએસઆઈ એ.જી.ખોથે જવાબ લેવા બોલાવતા એણે પોલીસ સમક્ષ પોપટની જેમ બોલવા માંડ્યું હતું કે મોરીયા ગામની સીમમાં ગોપાલસિંહ માનસિંહ ચાવડાના કુવાવાળા ખેતરે અમે ભેગા થયા હતા.અને વરવાડા ગ્રામ પંચાયતના ડે.સરપંચ તથા માજી સરપંચ ગ્રામ પંચાયતની આર.ટી.આઈ ની માહિતી આપતા ના હોવાથી એમને ખોટા કેસમાં ફસાવી દેવાના ઈરાદાથી તિલકવાડા પો.સ્ટે.માં “ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી, જાતીવાચક શબ્દો બોલી” જેવા ખોટા આક્ષેપો વાળી ખોટી અરજી કરવાનું નક્કી થયું હતું.

### આમોદ નગર સહિત પંથકમાં વહેલી સવારે

# વીજ કંપની વિજિલન્સ ટીમના દરોડા : ૭૨ વીજચોરો પાસેથી ૪૦ લાખનો દંડ વસૂલાયો



ભરૂચ,તા.૬

આમોદમાં સોમવારના રોજ વીજચોરી ઝડપી પાડવા માટે દક્ષિણ ગુજરાત વીજ કંપની દ્વારા વીજીલન્સ ટીમ બનાવી ૯૮ વીજ કર્મચારીઓ સાથે ૧૨૦થી વધુ પોલીસ જવાનો અને પોલીસના ઉચ્ચ અધિકારીઓની ટીમ બનાવી આમોદ નગર સહિત તાલુકાના ગામડામાં રેડ કરી ગેરકાયદેસર વીજ ચોરી કરતાં ૭૨ કનેક્શન ઝડપી પાડી વીજ ચોરી કરનારા સામે ૪૦ લાખનો દંડ ફટકાર્યો છે. પરંતુ આમોદ નગરપાલિકા દ્વારા સ્ટ્રીટ લાઈટ ઉપર ડાયરેક્ટ જોડાણ મેળવી વીજ ચોરી કરવામાં આવે છે. તેમની સામે કેમ વીજ કંપની કાર્યવાહી કરતી નથી તેવા નગરજનોમાં સવાલો ઉભા થયા છે. દક્ષિણ ગુજરાત વીજ કંપનીની આમોદ પેટા વિભાગીય કચેરીએ આમોદ નગરપાલિકાને સ્ટ્રીટ લાઈટના ગેરકાયદેસર વીજ જોડાણો દૂર કરવા નોટીસ પણ આપી હતી. છતાં પાલિકાએ વીજ કંપનીની નોટીસની પણ અવગણના કરતાં કોઈ કાર્યવાહી કરી નહોતી જેથી વીજ કંપનીએ ૨૨૦ થી વધુ ડાયરેકટ ચાલતી સ્ટ્રીટ લાઈટના જોડાણ કાપી નાખ્યા હતાં, છતાં વીજ કંપનીએ પાલિકાના કોઈ અધિકારી કે પદાધિકારી સામે કાર્યવાહી કરી નહોતી. જેથી વીજ કંપનીના વીજ ચોરી સામેના અલગ અલગ માપદંડને લઈને અનેક સવાલો ઉભા થયા છે. ત્યારે વિજચોરીના અલગ અલગ માપદંડથી સમયસર વિજબીલ ભરતાં ગ્રાહકોમાં વીજ કંપનીની નીતિ સામે રોષ ઉભો થયો છે.

## અદાણી કૌભાંડમાં ચીનનું કનેક્શન બહાર આવ્યું

નવી દિલ્હી,તા.૬

હિંડનબર્ગે ગૌતમ અદાણીની કંપની અદાણી ગ્રૂપ પર લાગેલા તમામ આરોપો પર ગંભીર આક્ષેપો કર્યા હતા. આમાંથી એક આરોપ ચીન સાથે જોડાયેલો હતો. તે ચીની કંપનીના તાર પહેલેથી જ બહુચર્ચિત અગસ્ટા વેસ્ટલેન્ડ કૌભાંડ સાથે જોડાયેલા છે. જોકે અદાણી જૂથ આ આરોપોને નકારી રહ્યું છે. હિંડનબર્ગ રિસર્ચ રિપોર્ટથી ઊભું થયેલું તોફાન અટકવાનું નામ નથી લઈ રહ્યું. હિંડનબર્ગના આ વાવાઝોડાએ અત્યાર સુધીમાં અદાણી જૂથને ૧૧ લાખ કરોડનો ફટકો આપ્યો છે. અમેરિકન રિસર્ચ ફર્મે પણ અદાણી ગ્રુપ પર ઘણા ગંભીર આરોપો લગાવ્યા છે. હિંડનબર્ગે પોતાના સંશોધન અહેવાલમાં જણાવ્યું હતું કે અદાણી જૂથના ચીનની એક કુખ્યાત કંપની સાથે જોડાણ છે. જોકે, અદાણી જૂથ દ્વારા આ આરોપોને નકારી કાઢવામાં આવ્યા છે. બીજી તરફ હિંડનબર્ગનું કહેવું છે કે અદાણી પ્રશ્નોના યોગ્ય જવાબ આપી રહ્યા નથી.

### પિતાએ પત્નીની વેક્સ અને સિલિકોનની રિયાલિસ્ટિક મૃતિ બનાવી

# અંકલેશ્વરમાં બે દીકરીના લગ્નમાં સ્વર્ગીય માતાએ મૂર્તિમંત બની આર્શીવાદ આપ્યા

## લગ્નના સ્ટેજ પર મૂકી દીકરીઓને અનોખી ભેટ આપી



અંકલેશ્વર,તા.૬

અંકલેશ્વરમાં બે દીકરીના લગ્નમાં સ્વર્ગીય માતા મૂર્તિમંત બની આર્શીવાદ આપ્યા હોવાની અનોખી ઘટના જોવા મળી છે. જાણીતા સામાજિક કાર્યકર અને બિલ્ડર પિયુષભાઈ પટેલ ની પત્નીનું બે વર્ષ પૂર્વે અવસાન થયું હતું. જોડિયા બે દીકરી ના લગ્નમાં માતાની કમી મહેસુસ ન થાય તે માટે પિતા એ પત્ની ની વેક્સ અને સિલિકોનની રિયાલિસ્ટિક મૃતિ બનાવી લગ્ન ના સ્ટેજ પર મૂકી દીકરી ઓ ને અનોખી ભેટ આપી હતી.વડોદરા ફાઈન આર્ટસ ના કલાકારો દ્વારા તૈયાર કરેલ મૂર્તિ જીવંત હોવાનો અનુભવ લોકોએ કર્યો હતો.માતાની છત્ર છાયા ગુમાવનાર દીકરી ઓ તેમના જીવનનો નવો અધ્યાય રૂપી લગ્ન જીવન વડે નવા ઘરે અને નવા દામ્પત્ય જીવનમાં પ્રવેશી હોય છે. જે સૌથી અમૂલ્ય પ્રસંગમાં માતા જ ન હોય તો દીકરીની અશ્રુભીની આંખો વડે માતા ની કમી ખુશીમાં ખલેલ પહોંચાડે છે.ત્યારે પિયુષભાઈ પટેલ ની વ્હાલસોયી દીકરી દ્રષ્ટિ અને સૃષ્ટિ માટે પિયુષભાઈ પટેલે અનોખી ભેટ આપવાનું વિચાર્યું હતું. અને પોતાના મિત્ર ના સહયોગ થી વડોદરા ફાઈન આર્ટ્સ કોલેજ ની મદદ થી સ્વર્ગીય પત્ની દક્ષાબેન પટેલ ની મૂર્તિ તૈયાર કરાવી હતી.

જે પિયુષ પટેલે બંને દીકરીઓ ને લગ્ન ના દિવસે સરપ્રાઈઝ આપવા નું નક્કી કર્યું હતું.પિયુષ પટેલે સ્વર્ગીય પત્ની દક્ષાબેન ની પ્રતિમા ને ઝગડીયા ના રાણીપુરા ગામ ખાતે લગ્ન સ્થળ પર સ્ટેજ પર ખુરશીમાં સફેદ ગિફ્ટ કવર રાખી હતી.બંને દીકરીઓ જ્યારે સ્ટેજ નજીક આવ્યા હતા ત્યારે ૧૦૦૮ મહંત ગંગાદાસ બાપુ અને પિયુષભાઈ પટેલ પડદો ઉઠાવતા બંને દીકરીઓ ની ખુશી નો પાર ન રહ્યો એ ખુશી ના આંસુ સાથે દીકરી ની આંખો છલકાઈ ઉઠી હતી. તો આ દ્રશ્ય જોઈ સૌ મહેમાન અને મિત્ર મંડળ અને સ્વજનો પણ ભાવુક બની ગયા હતા. અને ગ્રહશાંતિ કરતા પિયુષ પટેલે પોતાની બાજુ માં સ્વર્ગીય પત્ની દક્ષાબેન ની પ્રતિમા ને સાથે રાખી ગ્રહશાંતિ પુરી કરી હતી .

### ખાનગી વિમાની એરલાઇન્સો દ્વારા મનસ્વી વલણ

# વિસ્તારા પર એરલાઈનના નિયમોનું પાલન ન કરવા બદલ રૂ. ૭૦ લાખનો દંડ



નવી દિલ્હી,તા.૬

ખાનગી વિમાની એરલાઈન્સો દ્વારા મનસ્વી વલણ અપનાવીને અવારનવાર એના મુસાફરોને મુસીબતમાં મૂકી દેવામાં આવે છે.તેમજ ક્યારેક મુસાફરો અક્ષમ્ય મુસીબતમાં મુકાઈ જાય એવી સ્થિતિ સર્જાવા પામે છે. જે બાબતે એરલાઈન્સમાં ફરિયાદો કરતા કોઈ યોગ્ય પ્રત્યુત્તર આપવામાં આવતો નથી.જેને લઈને ડીજીસીએ પાસે વિમાનમાં મુસાફરી કરતા મુસાફરોની ફરિયાદો રોજે રોજ વધતી જાય છે. આ સંજોગોમાં હવે ડીજીસીએ દ્વારા કડક વલણ અપનાવાયું છે.જેના ભાગરૂપે વિસ્તારા એરલાઈન્સ સામે કડક કાર્યવાહી હાથ ધરી ભારે દંડ વસૂલાયો છે. ડીજીસીએએ ગયા વર્ષે ઑક્ટોબર મહિનામાં એર વિસ્તારા પર એરલાઈનના નિયમોનું પાલન ન કરવા બદલ રૂ. ૭૦ લાખનો દંડ ફટકાર્યો હતો. ડીજીસીએ મુજબ એરલાઈને દંડની રકમ ચૂકવી દીધી છે.ડીજીસીએ એ નાગરિક ઉડ્ડયન સેવાઓ પૂરી પાડતી એરલાઈન્સ એર વિસ્તારા ઉપર ૭૦ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. મર્યાદિત ફ્લાઈટ સેવાઓ સાથે ઉત્તર-પૂર્વ ક્ષેત્રમાં આવશ્યક ફ્લાઈટ્સ કરતાં ઓછી ફ્લાઈટ સેવાઓ ચલાવવા માટે આ કાર્યવાહી કરવામાં આવી હતી. એરલાઈન દ્વારા નિયમોનું પાલન ન કરવા બદલ આ દંડ ગયા વર્ષે ઓક્ટોબર મહિનામાં લગાવવામાં આવ્યો હતો. ડીજીસીએ મુજબ એરલાઈને દંડની રકમ ચૂકવી દીધી છે.

## સલામત રોકાણ વિકલ્પ તરીકે સોનામાં રોકાણ કરવાની વધતી માંગ

મુંબઈ,તા.૬

ગયા વર્ષે સમગ્ર વિશ્વમાં સોનાનું ઘણું વેચાણ થયું હતું. આ વર્ષે એટલું સોનું વેચાયું કે તેણે આખા દાયકાનો રેકોર્ડ તોડી નાખ્યો. તેનું મુખ્ય કારણ સલામત રોકાણ વિકલ્પ તરીકે સોનામાં રોકાણ કરવાની કેન્દ્રીય બેંકોની વધતી માંગ હતી. ગયા વર્ષે ૪૭૪૧ ટન સોનું વેચાયું છે.આ સાથે સોનાના વેચાણનો ૧૧ વર્ષનો રેકોર્ડ તૂટી ગયો છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના રિપોર્ટમાં આ વાત સામે આવી છે. ગયા વર્ષે સોનાની કિંમત ૫૦,૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામની આસપાસ હતી. આટલું મોંઘું હોવા છતાં ગયા વર્ષે લોકોએ ઘણું સોનું ખરીદ્યું હતું. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના નવા ગોલ્ડ ડિમાન્ડ ટ્રેન્ડ્સ રિપોર્ટમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર, વર્ષ ૨૦૨૨માં સોનાની વાર્ષિક માંગ (ઓટીસી સિવાય) વાર્ષિક ધોરણે ૧૮ ટકા વધી છે. આ વર્ષે વિશ્વભરમાં સોનાની કુલ માંગ ૪,૭૪૧ ટન હતી. આ ૨૦૧૧ પછીનો સૌથી વધુ આંકડો છે.

**RAMCHANDRA LEASING AND FINANCE LIMITED**

CIN: L65910GJ1993PLC018912

R/O: 201/1, RUDRA PLAZA, OPP. VMC GAS OFFICE, DANDIA BAZAR MAIN ROAD, VADODARA, GUJARAT 390 001.

EXTRACT OF STANDALONE UNAUDITED FINANCIAL STATEMENT RESULTS FOR THE QUARTER AND NINE MONTHS ENDED DECEMEBR 31, 2022.

Rs. (in lakhs) except for Earning Per Share

| Sr. No. | Particulars | Quarter Ended 31/12/2022 (Unaudited) | 9 Months Ended 31/12/2022 (Unaudited) | Year Ended 31/03/2022 (Audited) |
|---|---|---|---|---|
| 1. | Total income from operations | 1.91 | 9.38 | 3.63 |
| 2. | Net Profit / (Loss) for the period (Before tax, Exceptional and /or Extraordinary items) | 0.02 | 0.02 | 0.04 |
| 3. | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and /or Extraordinary items) | 0.02 | 0.02 | 0.04 |
| 4. | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and /or Extraordinary items) | 0.02 | 0.02 | 0.03 |
| 5. | Total Comprehensive Income for the period [(comprising profit or (loss) for the period (after tax) and other Comprehensive income (after tax)] | 0.02 | 0.02 | 0.03 |
| 6. | Equity Share Capital | 511.62 | 511.62 | 511.62 |
| 7. | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year | | 34.59 | |
| 8. | Earnings Per Share (of Rs. 1/- each) (for continuing and discontinued operations) - | | | |
| | (1) Basic | 0.00 | 0.00 | 0.00 |
| | (2) Diluted | 0.00 | 0.00 | 0.00 |

Notes:-

a) The Standalone Audited Financial Results of the Company for the Quarter and Nine Months ended on 31st December, 2022 have been reviewed by the Audit Committee and taken on record by the Board of Directors at their meeting held on 06/02/2023.

b) The above is an extract of the detailed format of Quarterly/Annual Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly/Annual Financial Results are available on the websites of the Stock Exchange(s) and the listed entity website ramchandrafinance.in

c) The impact on net profit / loss, total comprehensive income or any other relevant financial item(s) due to change(s) in accounting policies shall be disclosed by means of a footnote.

For and on behalf of Ramchandra Leasing and Finance Limited

Place: Vadodara
Date: 06/02/2023

Sd/- Pradeep Jain
Whole Time Director (DIN: 03363790)

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

ગોત્રી રોડ શાખા, ૧-૫ સેનેટ સ્ક્વેર, ગંગોત્રી કોમ્પલેક્ષની સામે, ગોત્રી રોડ, વડોદરા-૩૯૦૦૨૧.ફોનઃ ૦૨૬૫-૨૩૭૧૩૧૫
ઈમેલઃ gotbar@bankofbaroda.com

નીચે સહી કરનાર સીક્યુરીટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાસનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યુરીટી ઇન્ટરેસ્ટ (બીજો) ઓર્ડિનન્સ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ નો ઓર્ડર ૩) હેઠળ તે કલમ ૧૩(૧૨) ના નિયમ-૮ અને ૯ ની સાથે વાંચતા સીક્યુરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ મળેલા અધિકારો હેઠળ **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીની રૂઈએ નીચે જણાવેલ બાકી કરજદાર / જામીનદાર **શ્રી અશોક તુકારામ રાજને** ને ડીમાન્ડ નોટીસ **તા.૧૪.૧૧.૨૦૨૨** ના નોટીસ પાઠવીને બાકી ખાતેદાર સામે દર્શાવેલી રકમ **રૂા. ૧૨,૨૪,૧૭૧.૦૯ (રૂા. બાર લાખ ચોવીસ હજાર એકસો ઈકોત્તેર અને પૈસા નવ પુરા)** ઉપરોક્ત નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર લાગુ ન કરાયેલ વ્યાજ અને તેના પરના અન્ય શુલ્ક.

બાકી કરજદાર નીચે જણાવેલી રકમોની પરત ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવાથી, આ સાથે બાકી કરજદાર અને નાગરિકને જણાવવામાં આવે છે કે નીચે સહી કરનારે અત્રે આવેલા નીચેં દર્શાવેલી મિલકતનું ઉપર જણાવેલ નીયમોના સીક્યુરીટી ઇન્ટરેસ્ટ એનફોર્સમેન્ટ ની સબંધીત કલમ ૧૩(૪) ની સાથે ઓર્ડિનન્સ એક્ટ ૯ સાથે વાંચતા પ્રાપ્ત થતી સત્તાઓ અનુસાર કબજો **તા. ૦૬.૦૨.૨૦૨૩** ના રોજ લીધો છે.

બાકી કરજદાર/જામીનદાર/મોર્ટગેજ તથા સામાન્ય સંદર્ભમાં નાગરીકોને અત્રે નીચે જણાવેલી અનુસુચિત મિલકતની બાબતમાં કોઈપણ પ્રકારનો વ્યવહાર કે લેવડ દેવડ ન કરવા ચેતવણી આપવામાં આવે છે, **બેંક ઓફ બરોડા, ગોત્રી રોડ શાખા** ની લેણા રકમ **રૂા. ૧૨,૨૪,૧૭૧.૦૯ (રૂા. બાર લાખ ચોવીસ હજાર એકસો ઈકોત્તેર અને પૈસા નવ પુરા)** અને વ્યાજ અને તેના પરના બીજા ચાર્જીસ.

દેવાદારને ધ્યાન દોરવામાં આવે છે કે પોતાની મિલકત સેક્શન ૧૩ ના એક્ટ હેઠળ સબ સેકશન (૮) મુજબ મિલકત મેળવવા રકમ ભરવા સમયની જોગવાઈ કરવામાં આવી છે.

**સ્થાવર મિલકતનું વર્ણન**

મોર્ટગેજ મિલકતનો તમામ ભાગ અને હિસ્સાનો સીટી સર્વે નં. ૧૯૭ ક્ષેત્રફળ ૦-૨-૫૯ ચોરસ મીટર પૈકી ક્ષેત્રફળ ૧૯૨.૧૨ ચોરસ મીટર સીટી સર્વે નં. ૧૯૮, ૧૯૯, ૨૦૦, ૨૦૫ અને ક્ષેત્રફળ ૫૭૫.૨૫ ચોરસ મીટર કુલ ક્ષેત્રફળ ૭૬૭.૩૭ ચોરસ મીટર બિન-ખેતીલાયક જમીન પર અને રહેણાંક વિસ્તાર વિકસીત પ્રોજેક્ટ/સ્કીમ ‘શિવાલય ફ્લેટ’ તરીકે ઓળખાતી પૈકી ફ્લેટ નં. ૪૧૩, ૪થા માળે, તેનો સુપર બિલ્ટઅપ ક્ષેત્રફળ ૬૬૫.૦૦ ચોરસ ફુટ જમીન પર બાંધકામ હેઠળ મોજે ગામ તરસાલી રજીસ્ટ્રેશન જીલ્લો અને જીલ્લો વડોદરા ની અંદર. ચર્તુસીમાઃ પૂર્વઃ ઓટીએસ, પશ્ચિમઃ માર્જીન સ્પેસ, ઉત્તરઃ માર્જીન સ્પેસ, દક્ષિણઃ ફ્લેટ નં. ૪૧૨.

મોર્ટગેજ બેંક ઓફ બરોડ, ગોત્રી રોડ ની તરફેણમાં

તારીખઃ ૦૬.૦૨.૨૦૨૩
સ્થળઃ વડોદરા

સહી/- અધિકૃત અધિકારી
બેંક ઓફ બરોડા

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

**મિલકતના કબજાને લગતી સુચના**
**( સ્થાવર અને જંગમ મિલકત)**

નીચે સહી કરનારાએ સીક્યુરીટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યુરીટી ઇન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨(૫૪ ઑફ ૨૦૦૨) હેઠળ તેમજ કલમ ૧૩(૧૨) ના નિયમ ૩ ની સાથે વાંચતા સીક્યુરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ મળેલા અધિકારો હેઠળ **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીની રૂઈએ નીચે જણાવેલા બાકી દેવાદાર **શ્રીમતી સોનાલી મેહુલ બ્રમ્હભટ્ટ, મેહુલકુમાર રમનલાલ બ્રમ્હભટ્ટ** ને ડીમાન્ડ નોટીસ **તા.૦૧-૧૨-૨૦૨૨** પાઠવીને નોટીસ માં બાકી ખાતેદાર સામે દર્શાવેલી રકમ **રૂા.૧૦,૩૫,૮૫૩/- (રૂા. દશ લાખ પાંત્રીસ હજાર આઠસો ત્રેપન પુરા)** અવાસ્તવિક વ્યાજ + વધુ વ્યાજ અને ચાર્જ લાગુ આ નોટીસની તારીખથી ૬૦ દિવસની મુદતમાં પરત ચૂકવણી કરવા જણાવ્યું હતું.

બાકી દેવાદાર નીચે જણાવેલી રકમોની પરત ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવાથી, આ સાથે બાકી દેવાદાર અને નાગરિકને જણાવવામાં આવે છે કે નીચે સહી કરનારે અત્રે આવેલા કોષ્ટકમાં દર્શાવેલી મિલકતનું ઉપર જણાવેલા નિયમોના સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ નં. ૮ ને સબંધીત ૧૩ની પેટા કલમ (૪) ની સાથે વટહુકમ એક્ટ વાંચતા પ્રાપ્ત થતી સત્તાઓ અનુસાર **સિમ્બોલીક કબજો તા. ૦૧ ફેબ્રુઆરી ૨૦૨૩** ના રોજ લીધો છે.

દેવાદારને ધ્યાન દોરવામાં આવે છે કે પોતાની મિલકત સેકસન ૧૩ ના એક્ટ હેઠળ સબ સેકસન (૮) મુજબ મિલકત મેળવવા રકમ ભરવા સમયની જોગવાઈ કરવામાં આવી છે.

બાકી ખાતેદાર તથા સામાન્ય સંદર્ભમાં નાગરીકોને અત્રે નીચે જણાવેલી અનુસુચિત મિલકતની બાબતમાં કોઈપણ પ્રકારનો વ્યવહાર કે લેવડ દેવડ ન કરવા ચેતવણી આપવામાં આવે છે, **બેંક ઓફ બરોડા, કારેલીબાગ શાખા, વડોદરા રકમ રૂા.૧૦,૩૫,૮૫૩/-**અવાસ્તવિક વ્યાજ + વધુ વ્યાજ અને ચાર્જ અને વ્યાજ લાગુ

**સ્થાવર મિલકત નું વર્ણન**

**સમગ્ર સ્થાવર મિલકતનો ઇકવીટેબલ મોર્ગેજનો ફ્લેટ નં. ૧૦૬, પહેલા માળે, ક્ષેત્રફળ ૪૮૫ સ્કે.ફુટ, જે ગેલેક્ષી એપાર્ટમેન્ટ ઓર્ગેનાઇઝ અને બાંધકામ વિનોદ વાટીકા કો.ઓપ.હા.સો.લી. જે સ્થિત જમીન નો રે.સ.નં. ૨/૨ પૈકી, ટીપી નં.૯, ફા.પ્લોટ નં. ૧૧૮, સીએસ નં. ૯૨૦, ૧૫૧૭ પૈકી જે મોજે નાગરવાડા, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ વડોદરા અને સબ ડીસ્ટ્રીક્ટ વડોદરામાં આવેલ છે. જેની ચતુઃસીમા : પૂર્વે : એપાર્ટમેન્ટની માર્જીન જગ્યા અને અમરનાથ સોસાયટી, પશ્ચિમે : ફ્લેટ નં. ૧૦૭, ઉત્તર : ફ્લેટ નં. ૧૦૩, દક્ષિણે : કોમન પેસેજ**

તારીખ : ૦૧-૦૨-૨૦૨૩ સ્થળ : વડોદરા અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા

મારૂ જુનુ નામ
મીલીનકુમાર અનંતભાઇ રાણે
હતુ બદલીને નવુ નામે
મિલિન્દ અનંતભાઇ રાણે
રાખેલ છે.
૭, રામદેવ નગર-૧,
આજવા રોડ, વડોદરા.

મારું નામ
અર્પિતાબેન પ્રવીણભાઈ દરજી
માંથી બદલીને
અર્પિતા પ્રવીણભાઈ દરજી
કરેલ છે .
એ-૬૦૩, શ્રી વન, નીલાંબર
સર્કલ પાસે, ભાયલી, વડોદરા .

મારૂ જુનુ નામ
જેઠવા સુશીલાબેન હસમુખલાલ
હતુ બદલીને નવુ નામ
જેઠવા સુશીલાબેન હસમુખભાઇ
રાખેલ છે.
આનંદ પ્લાઝા એપાર્ટમેન્ટ,
હરણી રોડ, વડોદરા.

મારૂ જુનુ નામ
સુરેશભાઇ મથુરભાઇ પરમાર
હતુ બદલીને નવુ નામ
સુરેશભાઇ મથુરભાઇ રોહિત
રાખેલ છે.
૧૬૪, રામદેવનગર-૨,
આજવા રોડ, વડોદરા.

મારૂ જુનુ નામ
વિજયકુમાર ચંદુભાઇ ઠાકરડા
હતુ બદલીને નવુ નામ
વિજયભાઇ ચંદુભાઇ ઠાકરડા
રાખેલ છે.
નવી નગરી, હનુમાનપુરા,
બાકરોલ,વડોદરા.

મારૂ જુનુ નામ
ચંન્દ્રેશજી જાગેટીયા
હતુ બદલીને નવુ નામ
ચંન્દ્રેશ રામેશ્વરલાલ શાહ
રાખેલ છે.
૩૩, મુકતાનંદ સોસાયટી,
કારેલીબાગ, વડોદરા.

મારૂ જુનુ નામ
બીન્દુબેન રાજેશ વેલાણી
હતુ બદલીને નવુ નામ
ગોપી રાજેશ વેલાણી
રાખેલ છે.
૪૦૧, આરણ્ય-૨,
ગોત્રી, વડોદરા.

મારૂ જુનુ નામ
જેઠવા હસમુખલાલ ડાહ્યાલાલ
હતુ બદલીને નવુ નામ
જેઠવા હસમુખભાઇ ડાહ્યાભાઇ
રાખેલ છે.
આનંદ પ્લાઝા એપાર્ટમેન્ટ,
હરણી રોડ, વડોદરા.

મારૂ જુન નામ
વિનોદભાઈ જેઠાભાઈ ઠાકોર
હતુ બદલીને નવુ નામ
વિનોદભાઈ જેઠાભાઈ ઠાકરડા
રાખેલ છે.
હનુમાનપુરા,
બાકરોલ, વડોદરા.

**S. E. POWER LIMITED**

CIN : L40106GJ2010PLC091880

Regd. Off: Survey No. 54/B, Pratapnagar, Jarod-Savli Road, Samlaya, Vadodara-391520 (Guj.)
Tel.: +91 2667 251566, E-mail: cs@sepower.in, Website: www.sepower.in

EXTRACT OF CONSOLIDATED UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 31ST DECEMBER, 2022

(₹ in Lacs except EPS)

| Particulars | Quarter Ended 31.12.2022 (Unaudited) | Quarter Ended 30.09.2022 (Unaudited) | Quarter Ended 31.12.2021 (Unaudited) | Year Ended 31.03.2022 (Audited) |
|---|---|---|---|---|
| Revenue from operations | 1360.33 | 1415.19 | 1252.19 | 4803.86 |
| Net Profit for the period (before Tax, Exceptional and/or Extraordinary Items) | (4.02) | (62.13) | (124.73) | (409.21) |
| Net Profit for the period before Tax (after Exceptional and/or Extraordinary Items) | (4.02) | (62.13) | (124.73) | (396.08) |
| Net Profit for the period after tax | (3.24) | (46.59) | (93.36) | (296.78) |
| Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | (3.24) | (46.59) | (93.36) | (296.78) |
| Paid up Equity Share Capital (Face value of Rs. 10/- per share) | 4061.00 | 4061.00 | 4061.00 | 4061.00 |
| Reserves excluding Revaluation Reserves (as per balance sheet of previous accounting Year) | — | — | — | — |
| Earnings per Share (of Rs. 10 each) (not annualised) Basic & Diluted: | (0.01) | (0.11) | (0.23) | (0.73) |

Notes:

1) The key standalone financial information of the Company is as under:

| Particulars | Quarter Ended 31.12.2022 (Unaudited) | Quarter Ended 30.09.2022 (Unaudited) | Quarter Ended 31.12.2021 (Unaudited) | Year Ended 31.03.2022 (Audited) |
|---|---|---|---|---|
| Revenue from operations | 1360.33 | 1415.19 | 1252.19 | 4803.85 |
| Profit before tax | (3.66) | (61.90) | (124.46) | (394.25) |
| Profit after tax | (2.74) | (46.32) | (93.14) | (295.03) |

2) The above is an extract of the detailed Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Financial Results (Consolidated/Standalone) are available on the website i.e. www.sepower.in and on the Stock Exchanges' websites i.e. www.bseindia.com and www.nseindia.com.

Place : Vadodara
Date : 06.01.2023

For and on behalf of Board of Directors
Sd/-
(SACHIN AGARWAL)
Managing Director